# ભારતે ઝિમ્બાબ્વેને 90 રને હરાવ્યું

**શ્રેણીમાં** 2-0થી અજેય સરસાઈ મેળવી

**ભારતના** 219 રનના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 129 રનમાં ઓલઆઉટ થઈ ઈશાન કિશનના 81 અને તિલક વર્માના ઝડપી અણનમ 60 રન





હરારે, તા. 25 (પીટીઆઈ): હરારે ખાતે રમાયેલી બીજી ટી20 મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને 90 રનથી આકરી હાર આપીને 3 મેચોની ટી-20 શ્રેણીમાં 2-0થી અજેય સરસાઈ મેળવી લીધી છે.

પ્રથમ બેટિંગ કરતા ભારતે 5 વિકેટે 219 રન બનાવ્યા હતા, જેના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 129 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. આ શ્રેણી વિજયથી આયર્લેન્ડ અને ઇંગ્લેન્ડ સામેની શ્રેણી હાર બાદ નવા ટી-20 કેપ્ટન શ્રેયસ અય્યરને મોટી રાહત મળી છે.

29 રને 2 વિકેટ ગુમાવ્યા બાદ ઈશાન કિશને 81 રન (50 બોલમાં ફિફ્ટી બાદ માત્ર 13 બોલમાં 31 રન) અને તિલક વર્માએ માત્ર 23 બોલમાં આક્રમક અણનમ 60 રન ફટકાર્યા હતા. બંને વચ્ચે ચોથી વિકેટ માટે 94 રનની ભાગીદારી થઈ હતી.

220 રનના વિશાળ ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમે 9 ઓવરમાં જ 5 વિકેટ ગુમાવી દીધી હતી. પાર્ટ-ટાઇમ બોલર અભિષેક શર્માએ 17 રનમાં 3 વિકેટ અને ડેબ્યુટન્ટ યશ ઠાકુરે 2 વિકેટ ઝડપી હતી.

મેચ દરમિયાન ભારતીય ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવ હેમસ્ટ્રિંગની ઈજાના કારણે મેદાન છોડીને બહાર જવું પડ્યું હતું, જે ભારતીય ટીમ માટે ચિંતાનો વિષય બન્યો છે. શ્રેણીની છેલ્લી મેચ હવે માત્ર ઔપચારિકતા બની રહેશે.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| વૈભવ કો મુઝારબાની બો ગરાવા | 20 | 9 | 3 | 1 |
| અભિષેક કો બર્લ બો મુઝારબાની | 8 | 8 | 2 | 0 |
| ઈશાન કો બેનેટ બો ન્યામહુરી | 81 | 44 | 9 | 2 |
| શ્રેયસ કો ઈવાન્સ બો બેનેટ | 25 | 20 | 4 | 0 |
| તિલક વર્મા અણનમ | 60 | 29 | 5 | 3 |
| રિન્કુ કો બર્લ બો ઈવાન્સ | 12 | 8 | 0 | 1 |
| શિવમ દુબે અણનમ | 6 | 3 | 4 | 1 |
| વધારાના | 7 | | | |
| કુલ 20 ઓવરમાં 5 વિકેટે | 219 રન | | | |

**વિકેટ પતન:** 1-10, 2-29, 3-95, 4-189, 5-213

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| સિકન્દર રઝા | 4 | 0 | 47 | 0 |
| બ્લેસિંગ મુઝારબાની | 4 | 0 | 36 | 1 |
| રિચાર્ડ એનગરાવા | 3 | 0 | 43 | 1 |
| બ્રાડ ઈવાન્સ | 4 | 0 | 44 | 1 |
| ન્યુમેન ન્યામહુરી | 3 | 0 | 25 | 1 |
| બ્રિયાન બેનેટ | 2 | 0 | 22 | 1 |

| ઝિમ્બાબ્વે | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બેનેટ કો ઈશાન બો યશ | 32 | 19 | 3 | 3 |
| કરેન કો દુબે બો પ્રિન્સ | 1 | 5 | 0 | 0 |
| માયર્સ બો બિશ્નોઈ | 12 | 9 | 2 | 0 |
| રિયાન કો રિંકુ બો તિલક | 20 | 18 | 2 | 0 |
| સિકન્દર કો ઈશાન બો પ્રિન્સ | 0 | 3 | 0 | 0 |
| વેસલી કો અય્યર બો શિવમ | 2 | 3 | 0 | 0 |
| મારુમાની બો યશ | 24 | 19 | 1 | 1 |
| ઈવાન્સ બો અભિષેક | 19 | 11 | 1 | 2 |
| નિયામહુરી બો અભિષેક | 3 | 6 | 0 | 0 |
| એનગરાવા કો રિંકુ બો અભિષેક | 1 | 8 | 0 | 0 |
| મુઝારબાની અણનમ | 7 | 6 | 1 | 0 |
| વધારાના | 8 | | | |
| કુલ 17.5 ઓવરમાં 10 વિકેટે | 129 રન | | | |

**વિકેટ પતન:** 1-34, 2-34, 3-48, 4-49, 5-65, 6-82, 7-105, 8-119, 9-121, 10-129

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મયંક યાદવ | 3 | 0 | 25 | 0 |
| યશ ઠાકુર | 4 | 0 | 30 | 2 |
| પ્રિન્સ યાદવ | 1.2 | 0 | 10 | 2 |
| રવિ બિશ્નોઈ | 4 | 0 | 20 | 1 |
| શિવમ દુબે | 1.4 | 0 | 13 | 1 |
| તિલક વર્મા | 1 | 0 | 9 | 1 |
| અભિષેક શર્મા | 2.5 | 0 | 17 | 3 |

# શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમની આવતા અઠવાડિયે પસંદગી

**જસપ્રીત** બુમરાહની ફિટનેસ પર રહેશે નજર

**15** ઓગસ્ટથી ગાલે ખાતે પ્રથમ ટેસ્ટ

**રવિન્દ્ર** જાડેજાની વાપસી નક્કી, કુલદીપ યાદવ સ્પિન આક્રમણની આગેવાની કરશે



બેંગ્લુરુ, તા. 25 (પીટીઆઈ): શ્રીલંકા સામેની આગામી બે ટેસ્ટ મેચોની શ્રેણી માટે ભારતીય ટીમની પસંદગી આવતા અઠવાડિયે કરવામાં આવશે, જેમાં મુખ્ય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની ફિટનેસ ચર્ચાનો મુખ્ય વિષય રહેશે.

ભારત પોતાના પ્રવાસની શરૂઆત 15 ઓગસ્ટે ગાલે ખાતે રમાનારી પ્રથમ ટેસ્ટથી કરશે અને ત્યારબાદ 23 ઓગસ્ટે બીજી ટેસ્ટ માટે કોલંબો જશે. ઇંગ્લેન્ડ સામેની અંતિમ વનડે મેચ દરમિયાન ડાબા ઘૂંટણમાં ઈજા અને સોજો આવવાને કારણે બુમરાહ રમી શક્યો નહોતો. જોકે, પસંદગી સમિતિ અને મેડિકલ ટીમ તેની રિકવરી પર સતત નજર રાખી રહી છે અને ટેસ્ટ મેચ શરૂ થવામાં હજુ સમય હોવાથી તે સમયસર ફિટ થઈ જાય તેવી શક્યતા છે. ભારતીય ટીમ 4 ઓગસ્ટે શ્રીલંકા પહોંચશે અને હવામાન સાથે અનુકૂળ થવા માટે કોલંબોમાં ચાર દિવસીય પ્રેક્ટિસ મેચ રમશે.

એક સૂત્રએ જણાવ્યું હતું કે અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટેસ્ટ ટીમમાં પુનરાગમન કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. શ્રીલંકાની સ્પિન-ફ્રેન્ડલી પીચો પર તેની ઓલરાઉન્ડ ક્ષમતા ટીમ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. ફાસ્ટ બોલિંગની જવાબદારી બુમરાહની સાથે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના સંભાળશે. સ્પિન વિભાગની આગેવાની અનુભવી ચાઇનામેન બોલર કુલદીપ યાદવ કરશે, જેને સાથ આપવા માટે અફઘાનિસ્તાન સામે પ્રભાવશાળી ડેબ્યુ કરનાર ડાબોડી સ્પિનર માનવ સુતાર અને ચાર વિકેટ ઝડપનાર વોશિંગ્ટન સુંદરને સ્થાન મળી શકે છે, જ્યારે ડાબોડી સ્પિનર હર્ષ દુબે બેકઅપ બોલર તરીકે ટીમ સાથે રહેશે.

## ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ: ઝંડુ કુમારે ભારતના મેડલનું ખાતું ખોલાવ્યું

# ઝંડુ કુમારે પેરા પાવરલિફ્ટિંગમાં મેળવ્યો બ્રોન્ઝ મેડલ

**ગરીબી**, પોલિયો અને ઈ-રિક્ષા ચલાવવાથી લઈને કોમનવેલ્થ ગેમ્સના પોડિયમ સુધીની પ્રેરણાદાયી સફર



ગ્લાસગો, તા. 24 (પીટીઆઈ): ઝંડુ કુમારે ગ્લાસગો ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની હેવીવેઇટ પેરા પાવરલિફ્ટિંગમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતનું ખાતું ખોલાવ્યું છે.

28 વર્ષીય ઝંડુએ 181 કિગ્રા અને 190 કિગ્રા વજન સફળતાપૂર્વક ઊંચકીને કુલ 130.9 પોઇન્ટ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

નાઇજીરિયાના ઇદ્રિસ રિઝવાને ગોલ્ડ અને મેથ્યુ હાર્ડિંગે સિલ્વર મેડલ મેળવ્યો હતો.

બિહારના નાલંદા જિલ્લાના હરનોત ગામનો ઝંડુ પાંચ વર્ષની ઉંમરે પોલિયોગ્રસ્ત થયો હતો, તેનું બાળપણ અત્યંત ગરીબીમાં વીત્યું હતું. તેમણે પોતાના પરિવારને મદદ કરવા શાકભાજી વેચવાનું શરૂ કર્યું હતું. વ્હીલચેર ન હોવા છતાં તેઓ સ્થાનિક બજારો સુધી 20 કિલોમીટર મુસાફરી કરતા હતા.

બાદમાં મિત્રો પાસેથી પૈસા ઉધાર લઈને ઈ-રિક્ષા પણ ચલાવી હતી. 2010થી 2012 વચ્ચે શક્તિ વધારવા માટે વજન ઊંચકવાની શરૂઆત કરનાર ઝંડુએ બાદમાં પેરા પાવરલિફ્ટિંગને પોતાની કારકિર્દી બનાવી.

જીત બાદ ખુશી વ્યક્ત કરતા ઝંડુ કુમારે કહ્યું, 'હું મારી ખુશી વ્યક્ત કરી શકતો નથી. પ્રથમ મેડલ ભારત માટે ખૂબ મહત્વનો છે અને પોતાના દેશનો રાષ્ટ્રધ્વજ ઊંચો થતો જોઈને મને ખૂબ ગર્વ થાય છે.'

## લવલીના સીધી સેમિફાઇનલમાં લક્ષ્ય હવે 'ગોલ્ડ' પર



ગ્લાસગો, તા. 25 (પીટીઆઈ): ટોક્યો ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડાલિસ્ટ 28 વર્ષીય લવલીના બોરગોહેનને મહિલાઓની 75 કિગ્રા કેટેગરીમાં ડ્રોમાં 'બાય' મળતાં તે સીધી સેમિફાઇનલમાં પહોંચી છે, જેનાથી ભારતનો વધુ એક મેડલ નિશ્ચિત થઈ ગયો છે.

લવલીનાએ કહ્યું કે, 'અગાઉની ગેમ્સમાં 4-5 મેચ રમવા છતાં મેડલ ન હતો મળ્યો. હવે મેડલનું દબાણ નથી, તેથી મારું લક્ષ્ય માત્ર દેશ માટે ગોલ્ડ જીતવાનું છે.'

પેરિસ ઓલિમ્પિક્સ બાદ રમત છોડવા સુધીના વિચારોથી ઘેરાયેલી લવલીનાએ વર્લ્ડ ચેમ્પિયનશિપ અને બેલફાસ્ટ ટ્રેનિંગ કેમ્પ દ્વારા પોતાનો આત્મવિશ્વાસ પાછો મેળવ્યો છે. જો તે ફાઇનલમાં પહોંચશે, તો તેનો મુકાબલો ઓસ્ટ્રેલિયાની બે વખતની વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડાલિસ્ટ એમ્મા-સુ ગ્રીનટ્રી સામે થવાની શક્યતા છે.

## લોન બોલ્સ: રૂપા અને પિંકીની સતત ત્રીજી જીત, સેમિફાઇનલની રેસમાં



ગ્લાસગો, તા. 25 (પીટીઆઈ): કોમનવેલ્થ ગેમ્સમાં લોન બોલ્સ સ્પર્ધામાં ભારતની અનુભવી મહિલા જોડી રૂપા રાની તિર્કી અને પિંકી સિંહે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન જાળવી રાખ્યું છે. મહિલા પેઅર્સ સેક્શનલ પ્લે (સેક્શન B)ની મેચમાં ભારતીય જોડીએ તોંગાની પેરિસ બેકર અને મિલિકા નાથનની જોડીને ટાઈ-બ્રેકરમાં 2-0થી હરાવીને સેમિફાઇનલમાં પહોંચવાની પોતાની આશા જીવંત રાખી છે.

મેચના પ્રથમ સેટમાં ભારતે 5-2થી વિજય મેળવ્યો હતો. જોકે, બીજા સેટમાં તોંગાની ટીમે વાપસી કરતા 6-4થી જીત મેળવી મેચને ટાઈ-બ્રેકરમાં ખેંચી ગઇ હતી. ટાઈ-બ્રેકરમાં રૂપા રાનીના શાનદાર લીડ શોટ અને કેપ્ટન (સ્કીપ) પિંકી સિંહના ઉત્કૃષ્ટ ફિનિશિંગના કારણે ભારતે 2-0થી જીત મેળવી લીધી હતી. નોંધનીય છે કે, આ બંને ખેલાડીઓ 2022 બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી વિમેન્સ ફોર્સ ટીમનો હિસ્સો રહી ચૂકી છે.



# જદુમણી સિંહ સ્થાનિક બોક્સરને હરાવી પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં

ગ્લાસગો, તા. 24 (પીટીઆઈ): ભારતના રાષ્ટ્રીય બોક્સિંગ ચેમ્પિયન જદુમણી સિંહે કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની 55 કિગ્રા કેટેગરીમાં સ્થાનિક દાવેદાર સ્કોટલેન્ડના એરોન ક્યુલેનને 5-0થી (સર્વાનુમતે) હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે.

હવે પછીની મેચમાં તેનો સામનો પાકિસ્તાનના સુમામા રહેમાન સામે થશે.

અગાઉ 50 કિલો વર્ગ માટે દરેક મેચ પહેલાં તેને 10 કિલો વજન ઘટાડવું પડતું હતું, પરંતુ 55 કિગ્રા શ્રેણીમાં આવ્યા બાદ તે શારીરિક અને માનસિક રીતે વધુ સારો અનુભવ કરી રહ્યો છે.

ક્યુલેન સામેની મેચમાં હાઇટ ઓછી હોવા છતાં, જદુમણીએ પોતાની આક્રમક રમત અને સચોટ પંચથી સ્થાનિક પ્રેક્ષકોના સપોર્ટ વચ્ચે સ્કોટીશ બોક્સરને સંપૂર્ણપણે માત આપી હતી.

# રાઉન્ડઅપ: જિમ્નાસ્ટિક્સમાં તપન અને યોગેશ્વર ફાઈનલમાં, બોક્સિંગમાં સચિનનો વિજય



**સ્વિમિંગમાં** ભારતીય ખેલાડી નિષ્ફળ ગયા, પેરા-સ્વિમિંગમાં કાર્તિક જરા માટે મેડલ ચૂક્યો

ગ્લાસગો, તા. 25 (પીટીઆઈ): ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય જિમ્નાસ્ટ્સે શાનદાર પ્રદર્શન કર્યું છે. આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક્સની મેન્સ ઓલ-અરાઉન્ડ સ્પર્ધામાં તપન મોહંતી (71.700 પોઇન્ટ) અને યોગેશ્વર સિંહ (71.400 પોઇન્ટ) અનુક્રમે 17મા અને 18મા ક્રમે રહીને 24-મેન ઓલ-અરાઉન્ડ ફાઇનલ માટે ક્વોલિફાય થયા છે.

આ ઉપરાંત, રિંગ્સમાં સ્વથીશ કૈથેરી અને વોલ્ટમાં યોગેશ્વર સેકન્ડ રિઝર્વ તરીકે પસંદ થયા છે, જ્યારે ભારતીય ટીમ 7મા ક્રમે રહી હતી.

બીજી તરફ, બોક્સિંગમાં ભારતના મેડલ દાવેદાર સચિન સિવાચે (55 કિગ્રા) કેનેડાના કીઓમા અલ-અહમદીહ સામે આકરી ટક્કર બાદ 4-1થી વિજય મેળવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. હવે તેનો સામનો ઇંગ્લેન્ડના વિલિયમ હેવિટ સામે થશે.

સ્વિમિંગ અને પેરા-સ્વિમિંગમાં ભારત માટે દિવસ નિરાશાજનક રહ્યો હતો. પુરુષોની 100 મીટર ફ્રીસ્ટાઇલ S13 પેરા-સ્વિમિંગ ફાઇનલમાં કાર્તિક બુડિગીના 57.57 સેકન્ડ સાથે ચોથા ક્રમે રહીને મેડલ ચૂક્યો હતો, જ્યારે ઇમામ અલી 7મા ક્રમે રહ્યો હતો.

અન્ય સ્વિમિંગ સ્પર્ધાઓમાં ઓલમ્પિયન શ્રીહરિ નટરાજે 50મીટર બેકસ્ટ્રોકની સેમિફાઇનલમાં 7મું સ્થાન મેળવતા બહાર ફેંકાયો હતો. આ સિવાય, 400 મીટર ફ્રીસ્ટાઇલ હીટ્સમાં દક્ષણ શશિકુમાર (15મા) અને આર્યન નેહરા (16મા) ફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યા હતા.

## અનુસંધાન ... પાના પહેલાનું

### અમેરિકી ટેરિફમાં...

જાહેર સુનાવણીમાં ભાગીદારી સહિત રૂબરૂ મુલાકાતો દ્વારા USTR સાથે સતત ગાઢ સંપર્ક જાળવી રાખ્યો હતો. વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ સતત પ્રયાસોના પરિણામે, ભારતને અંતિમ પગલાં હેઠળ વધારાની જકાતના નીચલા સ્તરમાં રાખવામાં આવ્યું છે, જે મહત્વના ક્ષેત્રોમાં ભારતીય નિકાસને સાપેક્ષ લાભ પૂરો પાડે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકામાં ભારતની નિકાસનો એક મોટો હિસ્સો, જેના પર હાલમાં શૂન્ય વધારાની જકાત લાગે છે–જેમ કે જેનેરિક દવાઓ, સ્માર્ટફોન અને અન્ય ચોક્કસ ઉત્પાદનો–તે ૧૦ ટકાની વધારાની જકાતના દાયરાથી બહાર રહેશે. વધુમાં, 'સેક્શન ૨૩૨'ના પગલાં હેઠળ જે ઉત્પાદનો પહેલેથી જ આવરી લેવામાં આવ્યા છે, જેમાં સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટો પાર્ટ્સનો સમાવેશ થાય છે, તેના પર પણ આ વધારાની ૧૦ ટકા જકાત લાગુ થશે નહીં. સેક્શન ૨૩૨ હેઠળની લેવી અમુક મર્યાદિત અપવાદો સાથે તમામ દેશોને વ્યાપકપણે લાગુ પડે છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે, આ છૂટછાટોના કારણે અમેરિકામાં ભારતની કુલ નિકાસમાંથી અંદાજે ૪૫ ટકા નિકાસ ૧૦ ટકાની વધારાની 'સેક્શન ૩૦૧' જકાતના દાયરા બહાર રહેશે. બાકીની ૫૫ ટકા નિકાસ પર વધારાની ૧૦ ટકા જકાત લાગશે,

જ્યાં ભારતનો ટેરિફ દર આ તપાસ હેઠળ આવરી લેવાયેલા મોટાભાગના અન્ય દેશોની સરખામણીમાં પ્રમાણમાં ઓછો છે.

અમેરિકાના આ પગલાં અંગે ટિપ્પણી કરતા વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સમગ્ર તપાસ દરમિયાન વિસ્તૃત લેખિત રજૂઆતો અને જાહેર સુનાવણીમાં ભાગીદારી સહિત વ્યક્તિગત મુલાકાતો/સલાહ-મસલત દ્વારા ભારત USTR(અમેરિકી વેપાર પ્રતિનિધિ) સાથે સતત અને ગાઢ સંપર્કમાં રહ્યું હતું.

ટેક્સટાઈલ નિકાસકારોની ચિંતાઓને દૂર કરતા મંત્રાલયે જણાવ્યું હતું કે, બંધુઆ મજૂરીના મુદ્દાઓ પર સેક્શન 301ની તપાસના આખરી પગલાંઓમાં દર્શાવવામાં આવેલી ટેક્સટાઈલ-લક્ષી વ્યવસ્થા હજી સ્થાપિત અને કાર્યરત થવાની બાકી છે.

તેમજ દ્વિપક્ષીય વેપાર કરાર માટે ચાલી રહેલી વાટાઘાટોના ભાગરૂપે ભારત આ બાબતે અમેરિકા સાથે સતત ચર્ચા-વિચારણા કરી રહ્યું છે.

### NEET વિવાદનો અંત:...

જવાની અપીલ કરીએ છીએ.

દાસે જણાવ્યું કે તેમણે સરકાર સમક્ષ માંગણીઓનો એક મુસદ્દો શેર કર્યો છે અને સરકાર મંગળવાર સુધીમાં લેખિત ખાતરી આપશે. નડ્ડાએ કહ્યું કે CJPના પ્રતિનિધિઓ બેઠકમાં એક લેખિત ડ્રાફ્ટ સાથે આવ્યા હતા જેમાં તેઓએ આંદોલન દરમિયાન નોંધાયેલા કેસો અંગેના કેટલાક મુદ્દાઓ રજૂ કર્યા હતા. આ આંદોલન સમેટાવાની સાથે દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થી અજંપાનો હાલ તો અંત આવ્યો છે.

### H-1B વિઝા...

H-1B વિઝા અટકાવવા અને ત્યારબાદ ઘણા કડક નિયમો અને ઊંચા ધોરણો હેઠળ પ્રોગ્રામને ફરી શરૂ કરવા માંગે છે.

તે દરેક H-1B અરજી માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ૧૦૦,૦૦૦ યુએસ ડોલરની ફીને પણ કાયદાકીય સ્વરૂપ આપવા માંગે છે.

### જંતર મંતર પર...

સ્વયંભૂ એકસાથે રાષ્ટ્રગીત ગાયું હતું અને ત્યારબાદ ફરીથી જોરદાર નારા લગાવ્યા હતા. વિરોધ પ્રદર્શન સ્થળેથી ઘરે પરત ફરી રહેલા નીતિન નામના એક પ્રદર્શનકારીએ કહ્યું, "આ રાજીનામું ઘણું વહેલું આવી જવું જોઈતું હતું." નમ્રતા નામની અન્ય એક પ્રદર્શનકારીએ કહ્યું, આ માત્ર પહેલું પગલું છે. આપણી લડાઈ આખી વ્યવસ્થા(સિસ્ટમ) સામે છે. શિક્ષણ મંત્રીથી લઈને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સુધીના દરેક વ્યક્તિને જવાબદાર ઠેરવવા જોઈએ.

### ભારે દબાણ...

કેન્દ્ર સરકારે ઉપાયોની જાહેરાત કર્યાના એક દિવસ પછી પ્રધાનનું રાજીનામું આવ્યું છે. આ ઉપાયોમાં પેપર લીકમાં સામેલ લોકો માટે કડક સજાની જોગવાઈ કરતા પ્રસ્તાવિત કાયદા અને ઝડપી ટ્રાયલ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ CJP દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મંચની શરૂઆત આપના પૂર્વ પદાધિકારી અભિજીત દીપકે દ્વારા મે મહિનામાં એક વ્યંગાત્મક ઓનલાઈન ઝુંબેશ તરીકે કરવામાં આવી હતી, જે બાદમાં તાજેતરના સમયની સૌથી મોટી યુવા આગેવાની હેઠળની ચળવળોમાંથી એક બની ગઈ હતી.

### ૧૯૯૭માં ધર્મેન્દ્ર...

ઊભો હતો. તે યુવાન હતા ધર્મેન્દ્ર પ્રધાન. તેઓ તે સમયે વિદ્યાર્થી અગ્રણી હતા. હવે લગભગ ત્રણ દાયકા પછી, કેન્દ્રીય શિક્ષણ મંત્રી તરીકે, NEET-UG 2026 ની પરીક્ષામાં ગેરરીતિઓને લઈને થયેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું છે. સમયનું ચક્ર કઇ રીતે ફરે છે તેનું આ ઉદાહરણ છે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### વાળમાં ખોડો

ખોડો (dandruff) એક પ્રકારની ફૂગ છે. આ માટે ચૂર્ણ બનાવી લો.

લીમડાના સૂકા પાન 30g, નાગરમોથ 20g, ભૃંગરાજ 15g, હરડે 10g, મજીઠ 10g, ગંધક રસાયન 20g મેળવી ચૂર્ણ કરવું. રોજ રાત્રે 5 ગ્રામ ચૂર્ણ હુંફાળા પાણીમાં લો.

## આજનું પંચાંગ

**તા. 26/07/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ: બારસ: 13:58, વામન પૂજા
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 04
**યોગ :** ઐન્દ્ર **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** જ્યેષ્ઠા: 07:36 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) 07:26 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** સામાન્ય- વિષ્ણુ શયનોત્સવ, શનિવક્રી- 25:37 થી પ્રદોષ
**સુરતમાં સૂર્યોદય :** 06:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:19
**નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 16મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
**રાહુકાળ:** સાંજે: 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કાયદા કાનૂન બાબતે મદદ મળે. લેખન, પ્રકાશન, મુદ્રણ, ઉચ્ચ શિક્ષણ, વિદેશના કામમાં ગતિ આવશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ગુપ્તભય સતાવે, શત્રુઓથી નુકસાન થઈ શકે છે. પરિવારના વડીલોના આરોગ્યના ખર્ચા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** ઘરમાં ઉત્સવ જેવુ વાતાવરણ રહે. સામાજીક પ્રસંગમાં જવાનું બને. વિવાહલાયકને યોગ્ય પાત્ર મળે.

**કર્ક (ડ,હ,):** શત્રુઓથી સાવધાન. આરોગ્ય સુધરે. નોકરીમાં રાહત રહે. માતા અને મોસાળ પક્ષનો સાથ મળે.

**સિંહ (મ,ટ,):** મિત્રો સાથે મનોરંજન પાર્ટી થાય. સંતાન જીવનસાથી સાથે સામાજિક પ્રવૃત્તિ થાય. આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** બહાર જવાનું બને. મનોરંજન થાય. સામાજીક કાર્ય થાય. વડીલોના આરોગ્યની ચિંતા સતાવે.

**તુલા (ર,ત,):** આત્મવિશ્વાસ વધે. મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિ થાય. દલાલીના કામમાં નવી તક મળે.

**વૃશ્ચિક (ન,ય,):** ખાણી-પીણીના ધંધામાં આવક વધે. પારિવારિક સંબંધો મજબૂત બને. આર્થિક બાબતે ચોક્કસ થશો.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવી યોજના બને. સમાજમાં યશ મળે. મિત્રો સાથે પ્રવાસ થાય. દાંપત્યમાં તાલમેળ રહે. આવક વધે.

**મકર (ખ,જ,):** યાત્રા-પ્રવાસ થાય. સમાજ સેવાથી માન મળે. આરોગ્ય નરમ રહે. ધર્મ-કર્મ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉચ્ચ કક્ષાના વફાદાર મિત્રોની મદદથી નવા વેપાર-ધંધાની યોજનામાં ગતિ આવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકરી માટે નવી તક ઊભી થાય. સ્ત્રી વર્ગનો સાથ મળે. મોજ શોખના ધંધામાં આવક વધે.

### કોઈ પણ સાલમાં 26 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર અને સ્થાનફેર થાય. આવક વધારવાની નવી યોજનામાં મિત્રોનો સાથ મળે. સમાજમાં માન વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. વિદેશના કામમાં મદદ મળે. ઊંમરલાકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. ઉચ્ચ કક્ષાના સ્ત્રી મિત્રો અને મિત્રોની મદદ સામાજીક કામ તેમજ પ્રેમ વિવાહમાં મળે. વિદ્યાર્થીઓને મહેનતનુ ફળ મળે. તેમજ ટેકનોલોજીનો લાભ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં સફળ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. હરીફોની હેરાનગતિ વધશે. ડીસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરી, શુક્ર-શનિવાર, 8,17,26 તારીખે નવા કામ કરવો. માર્ચ, એપ્રિલ, બુધવાર 07,16,25 તારીખે નવા કામ ટાળવા. કાળો નીલો રંગ ઉપયોગમાં લેવો. સોનેરી રંગનો ત્યાગ કરવો. શનિવારના ઉપાય કરતા રહેવું.